રણમાં વીરડી સમી પ્રેરક ઘટના

દુનિયા આખી આતંકના ઓછાયા હેઠળ થરથરી રહી છે. રાજકારણીઓ કોઈ પણ કરુણ ઘટનાનો લાભ ખાટવા લાળ ટપકાવતા દોડ્યા કરે છે. નિર્દોષ માણસો વગર વાંકે કુટાઈ મરે છે. રોજેરોજ હજારોની જઘન્ય અપરાધો બનતા રહે છે. ગમે તેટલા કડક કાયદા કરો તો પણ માણસમાં છુપાઈને બેઠેલો હેવાન ગમે તે ક્ષણે પોત પ્રકાશયો રહે છે. ભાષા તો માનવીને મળેલું સર્વશ્રેષ્ઠ વરદાન છે. પરંતુ ભાષા સાથે પણ અહર્નિશ વ્યભિચાર થતો રહે છે. એક રાજકારણી બીજા રાજકારણીને હલકો પાડવા માટે હલકામાં હલકી ભાષા વાપરે છે એના પડઘા પાછા એ જ હલકા રાજકારણીના પરિવારની મા-દીકરીને ગંદીગોબરી ગાળો વરસાવીને પાડવામાં આવે છે. આવા ભ્રષ્ટ વાતાવરણમાં રણમાં વીરડી જેવી માનવ માંગલ્યની પવિત્ર ઘટનાઓ પણ ઘટતી રહે છે. મહેસાણા પાસેના બામોસણા ગામના ખેડૂત પરિવારનો એકનો એક લાડકવાયો એમ.ફાર્મ.ની અનુસ્નાતક ડિગ્રી મેળવ્યા પછી કારકિર્દી બનાવવા વિદેશ જવાનું આયોજન કરી રહ્યો હતો ત્યાં અડધે મોત સામું મળ્યું. એને બચાવવા શક્ય તે બધા જ પ્રયાસો સ્વાભાવિક રીતે જ કરવામાં આવ્યા છતાં એ મોતના સકંજામાંથી ન છૂટી શક્યો ત્યારે 'બ્રેઈનડેડ' જાહેર થયેલા આવા જુવાનજોધ કંધોતરનાં માતાપિતાએ એનાં અંગોનું દાન આપવાનો નિર્ણય કર્યો, તે ખરે જ અનુકરણીય કરુણમંગલ ઘટના છે. એમાં પણ વિશેષ નોંધપાત્ર બાબત એ છે કે પરિવાર ગ્રામીણ સંસ્કારો ધરાવતા બામોસણા જેવા ગામનો છે. બે કિડની, લિવર અને બે આંખોનું દાન કરીન પરિવારે એના લાડકવાયાને ઓછામાં ઓછી પાંચ બીમાર વ્યક્તિઓમાં આંશિક રીતે જિવાડવાનું પુણ્યકાર્ય કર્યું છે. ગુજરાતમાં ડૉ. એચ.એલ. ત્રિવેદીની માનસકન્યા સમી ભવ્ય કિડની હોસ્પિટલમાં માનવ અંગોનું પ્રત્યારોપણ સફળતાપૂર્વક સંપન્ન થયા પછી ગંભીર બીમારીથી પીડાતા અને ડાયાલિટિસ કરાવી મરવાના વાંકે જીવવા દરદીઓ માટે સંગીર જિંદગીની નવી સંભાવનાઓ સરજાવા પામી છે. લિવર ટ્રાન્સપ્લાન્ટ તો કિડની ટ્રાન્સપ્લાન્ટ કરતાં પણ વધુ જટિલ બાબત ગણાય. પરંતુ હવે એ પણ અમદાવાદમાં શક્ય બન્યું છે. બનવાજોગ કે કાલે હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ પણ શક્ય બને. આજે વિજ્ઞાન એટલી હદે આગળ વધી ગયું છે કે એક મૃતદેહમાં ફેરવાઈ ગયેલી વ્યક્તિનાં અંગોને સમયસર કાઢી લઈ જરૂરિયાત વાળા દરદીમાં બેસાડી એને નવી જિંદગી આપી શકે છે. બામોસણાની ઘટના ઘણી પ્રેરક છે. માર્ગ અકસ્માતમાં ઘાયલ થઈ બધા જ પ્રયાસો પછી પણ બચાવી નહીં શકાયેલ પનોતા પુત્રને એના પરિવારે નિષ્ણાત તબીબોની સલાહ માનીને કેવડો મોટો 'જીવનદાતા' બનાવી દીધો ! સ્મશાનમાં એનું શરીર પંચમહાભૂતમાં ભળી ગયું પણ એની કિડનીઓ થકી બે વ્યક્તિઓને નવજીવન સાંપડશે ; લિવર ટ્રાન્સપ્લાન્ટમાં તો લિવરનો નાનકડો ટુકડો પૂરતો થઈ રહેતો હોય છે. મરનારનું લિવરની બિમારીથી પીડાતી વ્યક્તિને નવી જિંદગી આપશે અને આંખો બે અંધ વ્યક્તિઓને દેખતી કરી દેશે. આથી મોટું તર્પણ બીજું હોઈ શકે ખરું ? બામોસણાના ચૌધરી પરિવારે જે પહેલા કરી છે, તેને અનુસરીને તબીબોની દેખરેખ હેઠળ બ્રેઈનડેડ બની ગયેલ સ્વજનોના દેહદાનની પ્રવૃત્તિની જેમ અંગદાનની દેહદાનની જેમ અંગદાનની આ પ્રવૃત્તિને સમાજમાં માન્યતા મળશે તો ઘણા જરૂરિયાતવાળા ગંભીર બીમારીમાં સપડાયેલા દરદીઓને નવી જિંદગી આપી શકાશે.

તંત્રીસ્થાનેથી...

મુલાયમસિંહ અને માયાવતીને ગભરાવવાનાં ગણિત પણ ઊંધાં પડવા માંડ્યાં છે

ભારતીય વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર સંસદના ચોમાસુસત્ર પહેલાં ભીંસ વધી છે. સત્તારોહણ પછી સતત વિપક્ષોને ભીંસમાં મૂકનારા વડા પ્રધાન મોદી માટે જુલાઈ ૨૦૧૬ સૌથી વસમો મહિનો સાબિત થયો છે. પ્રજાને અપેક્ષિત મોંઘવારી ઓછી થતી નથી, રાજકીય સાથીઓની મહત્ત્વાકાંક્ષા પ્રધાનમંડળના વિસ્તરણ પછી પણ ઓછી થતી નથી અને સર્વોચ્ચ અદાલતના ઉત્તરાખંડ રાજ્યના ચુકાદા પછી અરુણાચલ રાજ્યના ચુકાદા પણ લપડાક તરીકે આવીને પડ્યા છે.ગુજરાતના ઉનાના દલિતો પર અત્યાચારનો મુદ્દો છેક સંસદ સુધી ગૂંજ્યો છે. વિપક્ષમાંના રાજકીય

ભારતીય સંસદના ચોમાસુ સત્રમાં વિપક્ષોનો સાથ લેવા વડા પ્રધાનની વિવશતા

પક્ષોમાં વિભાજનો સરજીને પોતાને અનુકૂળ સત્તા-સમીકરણો રચવાની વડા પ્રધાન મોદીની દોટ હવે થંભી ગઈ છે.રાષ્ટ્રપતિ શાસન લાગુ કરીને વિપક્ષી કૉંગ્રેસનાં રાજ્યોને અનુકૂળ ઝોળીમાં સેરવી લેવાની મોદી-મહેચ્છા ઉત્તરાખંડ અને અરુણાચલમાં ઊંધી પડી છે.કહ્યાગરા રાજ્યપાલ અને અસંતુષ્ટ કૉંગ્રેસી ધારાસભ્યોના બોદા ટેકાનો ભારે ફટકો પડ્યો.નાલેશી તો એ વાતની વહોરવી પડી કે ઉત્તરાખંડમાં કૉંગ્રેસી મુખ્ય પ્રધાન હરીશ રાવત અને અરુણાચલ પ્રદેશના કૉંગ્રેસી મુખ્ય પ્રધાન નબામ તુકીને કૉંગ્રેસી ધારાસભ્યોમાં ફૂટ પાડીને ભાજપી ધારાસભ્યોનો ટેકો અસંતુષ્ટોને આપીને, ગબડાવ્યા પછી થૂંકેલું પાછું ગળવું પડે એ રીતે પુનઃ મુખ્ય પ્રધાનપદે બહાલ કરવા પડ્યા છે. અરુણાચલ પ્રદેશમાં તુકીના નેતૃત્વ સાથે પક્ષના ધારાસભ્યોને વાંધો હતો એટલે નવા નેતા તરીકે દેશના સૌથી યુવાન મુખ્ય

મોદીચાલીસાના રટણને બદલે મૂંઝવણનો ઘટનાક્રમ

પ્રધાન તરીકે કૉંગ્રેસી જ એવા પેમા ખાંડૂને શપથ લેવડાવવા પડ્યા છે.

મોદીને આ બંને રાજ્યોમાં જે સણસણતો તમાચો પડ્યો છે એના પ્રત્યાઘાત ગુજરાતમાં પણ પડ્યા છે. ગાંધીનગર સહકારી બેંકના અધ્યક્ષ અને ગુજરાત કૉંગ્રેસના પ્રવક્તા ડૉ.હિમાંશુ પટેલે તો ૨૦૧૨ની વિધાનસભા ચૂંટણી અને મે ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં ગુજરાતને કેન્દ્રના તમાચાવાળી જાહેરાતોને ટીવી માધ્યમોમાં તાજી કરી. છોગામાં ગુજરાતના ફરજંદ અને પ્રતિનિધિ એવા મોદી વડા પ્રધાન થયા પછી પણ કેન્દ્ર થકી અન્યાયની યાદીમાં કોઈ ઘટાડો નહીં થવાનું ગાઈવગાડીને કહેતા ડૉ.પટેલ ભાજપી છાવણીમાં સન્નાટો પ્રસરાવે છે. ભાજપમાં અત્યાર લગી મોદીના નેતૃત્વની આમન્યા રાખીને એમની વિરુદ્ધ ભાગ્યે જ કોઈ બોલતું હતું. હવે એ આમન્યા કેન્દ્રીય રાજ્યપ્રધાન તરીકે રુખસદ પામેલા ભરૂચના સાંસદ મનસુખ વસાવા અને મધ્ય પ્રદેશના કેબિનેટ પ્રધાન તથા ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન બાબુલાલ ગૌડે તોડી છે એટલે બીજાઓમાં પણ હિંમત આવતી જાય છે. કાશ્મીરનું કોકડું બેધારી તલવારની જેમ ગૂંચવાયું છે. અત્યાર લગીની જમ્મુ-કાશ્મીરની સરકારોને ભાંડતી ભારતીય જનતા પક્ષની નેતાગીરી માટે જમ્મુ-કાશ્મીરમાં પીડીપી સાથેની તેની સરકાર હિંસાચારને રોકવામાં નિષ્ફળ રહ્યાથી પરેશાન છે.અખબારી સ્વાતંત્ર્યને ટૂંપો દેવા માટે 'આ હિંસાને અખબારો વકરાવે છે' એવું કારણ આપીને અખબારોનાં પ્રકાશન રોક્યાં છે. દેશભરમાં અનેક પ્રદેશો પૂરગ્રસ્ત છે.

વડા પ્રધાન મોદીએ સમય વર્તે સાવધાન ગણીને વિપક્ષોને ભીંસમાં લેવા માટેનાં આક્રમક નિવેદનો ઓછાં કરીને વિપક્ષોનો સહયોગ માગવાનું શરૂ કર્યું છે. કૉંગ્રેસ સહિતના વિપક્ષોએ ગુડ્સ એન્ડ સર્વિસીસ ટૅક્સ (જીએસટી)અંગેના વિધેયકને રાજ્યસભામાં પસાર કરવા અમુક સુધારા સાથે સહયોગ આપવાની નરમાશ દેખાડી છે, પણ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનરજીનો પક્ષ, તૃણમૂલ કૉંગ્રેસ, વટક્યો છે. સંસદના ચોમાસુ સત્રના પ્રથમ દિવસે જ તૃણમૂલના સાંસદોએ સંસદભવનની બહાર મોદી સરકારના વિરોધમાં દેખાવો યોજ્યા. ઉત્તર પ્રદેશની વિધાનસભા ચૂંટણી જીતવા માટે રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ અને વડા પ્રધાન મોદી સંઘ પરિવાર સાથે ચિંતન બેઠકો યોજી ગણિત મૂકવા માંડ્યા હતા, પણ કૉંગ્રેસના નવા વ્યૂહ એમાં ફાચર મારવા માંડ્યા છે. અમિત શાહની 'કઠપૂતળી' સીબીઆઈ (દિલ્હીના મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલના શબ્દોમાં) સમાજવાદી સુપ્રીમો મુલાયમ સિંહ યાદવ અને બહુજન સમાજ પાર્ટીના સુપ્રીમો માયાવતીને ગભરાવવાની કોશિશમાં હોવા છતાં એ ગણિત પણ ઊંધાં પડવા માંડ્યાં છે.

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

કૉંગ્રેસે દિલ્હીનાં ૧૫ વર્ષ સુધી મુખ્ય પ્રધાન રહેલાં શીલા દીક્ષિતને પોતાનાં મુખ્ય પ્રધાન પદનાં ઉમેદવાર જાહેર કરી બ્રાહ્મણ વોટબેંક અંકે કરવાનો પ્રયાસ કરવા ઉપરાંત ઉત્તર પ્રદેશના પ્રભારી તરીકે ગુલામ નબી આઝાદને મૂક્યા અને પ્રદેશ કૉંગ્રેસના અધ્યક્ષપદે રાજ બબ્બરને મૂકવા ઉપરાંત માળખામાં જે રીતના ફેરફાર કર્યા, એ પણ ભગવી બ્રિગેડને અકળાવે છે. છોગામાં અત્યાર લગી પક્ષમાં સક્રિય થવામાં સંકોચ અનુભવતાં રાજીવ-સોનિયા પુત્રી પ્રિયંકા ગાંધી પણ પોતાના ભાઈ રાહુલના ટેકામાં સક્રિય થઈ ગયાં છે.

ચોવીસ કલાકના જાગતા રાજનેતા નરેન્દ્ર મોદીના ગ્રહો હમણાં મૂંઝવણો પેદા કરી રહ્યા લાગે છે. દસ વર્ષ પછી વડા પ્રધાને મુખ્ય પ્રધાનો સાથેની બેઠક યોજી પણ એમાં બિહારના નીતિશ કુમાર, પશ્ચિમ બંગાળના મમતા બેનરજી અને દિલ્હીના અરવિંદ કેજરીવાલની ધરી ઉપરાંત પંજાબના મિત્રપક્ષ અકાલી દળના મુખ્ય પ્રધાન પ્રકાશ સિંહ બાદલ અને નાયબ મુખ્ય પ્રધાન સુખબીર સિંહ બાદલે પણ કેન્દ્રની દખલગીરી સામે વિરોધ નોંધાવ્યો.અત્યાર લગી મોદીચાલીસાનું રટણ ચોફેર ચાલતું હતું ત્યાં નરેન્દ્રભાઈને પહેલીવાર મૂંઝવણ અનુભવાય એવો ઘટનાક્રમ સર્જાયો છે. છેલ્લાં બે વર્ષમાં ૩૮ દેશોનો પ્રવાસ કરનાર મોદીની તુલનામાં વડા પ્રધાન તરીકે પહેલાં બે વર્ષમાં ડૉ.મનમોહન સિંહે માત્ર ૧૪ દેશોનો અને અટલ બિહારી વાજપેયીએ માત્ર ૮ જ દેશોના પ્રવાસ ખેડ્યાની વિગતોની ગાજવીજ પીએમઓને અકળાવે છે.

ગુજરાતમાં હાર્દિક પટેલને ઉદયપુર લગી તડીપાર કરાયા છતાં એ રોજેરોજ રાજ્ય સરકાર માટે નવી મૂંઝવણો સરજી રહ્યો છે. ઓબીસી મંચનો અલ્પેશ ઠાકોર તથા કેજરીવાલ-સેના પણ ગુજરાતમાં નવાં પરિમાણ સર્જવાનાં એંધાણ આપે છે. વડા પ્રધાન મોદીને અત્યારે જે ડર સૌથી વધુ સતાવી રહ્યો છે એ કેજરીવાલનો. ગોવાના ભાજપી મુખ્ય પ્રધાનને પણ વડા પ્રધાને ગોવામાં 'આપ' પાર્ટીના પ્રભાવ અંગે પૃચ્છા કર્યાનું એમને મળીને બહાર નીકળતાંની

ઉત્તરાખંડ અને અરુણાચલે ગુજરાતને કેન્દ્રના તમાચાવાળી જાહેરાતોને તાજી કરી

સાથે જ પણજીના ભાજપી નેતાએ મીડિયાને કહ્યું હતું.પંજાબમાં તો 'આપ' પાર્ટીએ 'ઊડતા પંજાબ' જેવા માધ્યમથી અકાલી દળ અને ભાજપની સરકારની જ નહીં, કૉંગ્રેસની પણ હાલત ખરાબ કરી છે. ભાજપી સાંસદ નવજ્યોત સિધ્ધુ રાજ્યસભા છોડી આપ પક્ષ ભણી વળ્યા છે.ગુજરાતમાં પણ કેજરીવાલ આસમાની સુલતાની કરી શકે એની ચિંતા ભગવી બ્રિગેડમાં છે, પણ નિવેદનશૂર ભાજપી નેતાઓ કૉંગ્રેસની વોટબેંકની રાજનીતિ અને કેજરીવાલ પરિબળને વખોડવામાંથી ઊંચા આવતા નથી. આવા સંજોગોમાં અટવાયેલા ભારતીય રાજકારણમાં અરુણાચલ પ્રદેશના કૉંગ્રેસી મુખ્ય પ્રધાન તરીકે ભલે થોડા દિવસ માટે જ બહાલ થયેલા તુકીએ ભાજપની કેન્દ્ર સરકાર અને રાજ્યના એકમ તેમજ ખાસ કરીને કેન્દ્રના ગૃહ રાજ્યપ્રધાન કિરણ રિજીજુને ઊંઘતા ઝડપીને કૉંગ્રેસ સામે બળવો કરીને ભાજપ સાથે હાથ મિલાવી સાડા ચાર મહિના શાસન કરનારા પક્ષના ધારાસભ્યોને સાગમટે સ્વગૃહે પાછા

દેવેન્દ્ર ફડણવીસ અંધારું ઓઢીને ઉદ્ધવ ઠાકરેને મળવા 'માતોશ્રી' બંગલે દોડી જાય છે

વાળ્યા. અરુણાચલમાં કૉંગ્રેસ સરકાર બહાલ થઈ. હરિયાણાની જનતા પાર્ટી સરકારના મુખ્ય પ્રધાન ભજન લાલ અને ગોવામાં રેડ્ડી કૉંગ્રેસના મુખ્ય પ્રધાન પ્રતાપ સિંહ રાણે સાગમટે કૉંગ્રેસમાં આવ્યા હતા એવું ભાજપમાં ગયેલા કૉંગ્રેસીઓ પણ કરી શકે. ઉધારીના ટેકા બોદા હોય છે. કદાચ એટલે જ મહારાષ્ટ્રના ભાજપી મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અંધારું ઓઢીને શિવ સેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેને મળવા અડધી રાતે વાંદરાસ્થિત 'માતોશ્રી' બંગલે દોડી ગયા હતા - રખેને શિવ સેના ટેકો પાછો ખેંચે અને ભાજપના ધારાસભ્યો બળવો કરે!

તકવંચિત મુસ્લિમ મહિલાઓનાં જીવનમાં અજવાળું પાથરતી 'અમવા' સંસ્થા

અમદાવાદ : અમદાવાદના જુહાપુરા વિસ્તારમાં છેલ્લાં બે દાયકાથી કાર્યરત ''અમવા'' સંસ્થા મુસ્લિમ મહિલાઓમાં વૈચારિક પરિવર્તનની સાથે તેમને સ્વાવલંબી બનાવવા માટે સતત મથામણ કરે છે. આવો જ એક પ્રયાસ તાજેતરમાં સંસ્થા દ્વારા કરવામાં આવ્યો હતો. સંસ્થા દ્વારા વીસ જેટલી વિધવા યુવાન મુસ્લિમ મહિલાઓને સિલાઈ મશીનનું વિતરણ કરવામાં આવયં હતું. આ ઉપરાંત સંસ્થા દ્વારા ચાલતી માઈક્રો ફાઈનાન્સ યોજના અંતર્ગત લાભદાયી મહિલાઓને રોકડ સહાય આપવામાં આવી હતી.

અમદાવાદ શહેરના જુહાપુરા વિસ્તારમાં મુખ્ય કેન્દ્ર ધરાવતી અમવા સંસ્થાનું કાર્યક્ષેત્ર આમ તો સમગ્ર ગુજરાત છે. સંસ્થાના સ્થાપક ટ્રસ્ટી પ્રો. મહેરૂનિસા દેસાઈ જણાવે છે કે, ''અમવાની સ્થાપનાનો મુખ્ય હેતુ એ હતો કે મુસ્લિમ સમાજ અને એમાંય ખાસ કરીને મહિલાઓમાં વૈચારિક બદલાવ લાવવાનો . જો કે આ લાંબા ગાળાના આ કામમાં આજે ૨૦ વર્ષ પછી એવું લાગે છે કે અમારા પ્રયત્ન થકી થોડેક અંશે મહિલાઓમાં પરિવર્તન આવ્યું છે. તેમણે સંસ્થાની પ્રવૃત્તિઓ વિશે માહિતી આપતાં જણાવ્યું હતું કે અમે ઈસ્લામ અને કુરાનની આયતોનો આધાર લઈને મહિલાઓને સમજાવાવાનો પ્રયાસ કરીએ છીએ. જેમકે ઈસ્લામ ધર્મમાં પ્રથમ પાંચ કાર્યો દરેક વ્યક્તિ માટે ફરજિયાત હોય છે. જેમાં જકાત એટલે કે તમારી પાસે તમારા જીવન નિર્વાહ ઉપારાંતની મિલકત તમારે દાનમાં આપવાની હોય છે. આ સિધ્ધાંતને આધારે અમને લોકો તરફથી જકાત મળે છે એ જકાતની રકમ અમે મહિલાઓને આર્થિક રીતે પગભર કરવામાં વાપરીએ છીએ. તો ઈસ્લામ ધર્મમાં સ્ત્રી શિક્ષણ અને તેના આર્થિક ઉપાર્જનના કાર્યને ઈબાદત ગણવામાં આવી છે.

નાને દીવડે દિવાળી
અનિતા તન્ના

આ વિચારના અનુસંધાનમાં સંસ્થાના ત્રણ કેન્દ્રોમાંસિલાઈ વર્ગ, ખાખરા ઉદ્યોગ,પુસ્તકાલય અને મહિલાઓ માટેની હેલ્પલાઈન જેવી પ્રવૃત્તિઓ ચાલે છે. આ ઉપરાંત મહિલાઓમાં વૈચારિક પરિવર્તન આવે એ માટે વિવિધ વિષય નિષ્ણાતોના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવે છે. મુસ્લિમ મહિલાઓમાં શિક્ષણ માટેની જાગૃતિ આવે તથા તેઓ સ્વાવલંબી બની ઘરમાં આર્થિક મદદ કરી શકે એવા વિષયો પર ભાર મુકવામાં આવે છે.

અમદાવાદ મુસ્લિમ વુમન એસોશિએશન દ્વારા માઈક્રોફાઈનાન્સ યોજના અંતર્ગત બચતમંડળી પણ કાર્યરત છે. જેમાં મહિલાઓને તેમની બચત પ્રમાણે રોકડ સહાય કરવામાં આવે છે. ઉપરાંત ગંભીર બીમારીમાં પણ ગરીબ અને તક વંચિત મહિલાઓને સંસ્થા મદદ કરે છે. સમાજમાં આરોગ્ય પ્રત્યેની જાગૃતિ અને સમજણ કેળવાય તે માટે નિયમિત આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવે છે.

અમવાના સતત અને સક્રિય પ્રયાસના ફળ સ્વરૂપે અમદાવાદ અને ગુજરાતના કેટલાક વિસ્તારોમાં દેખીતો બદલાવ આવ્યો છે. પો.મહેરૂનિસાબહેન કહે છે કે, અમારી મંઝિલ ઘણી દૂર છે પરંતુ અમારો ઈરાદો બુલંદ છે.

અનુભવ છે દરિયાના તોફાનનો, પણ આ રેતીમાં હોડી ખરાબે ચડી છે

યમદૂતોએ
ટોળે વળી વિચાર્યું
રજા રાખીએ
ધરતી પર
આનંદ ઉલ્લાસની
ક્ષણો આપીએ
થયો હુકમ
યમરાજનો, પૂરો
કરો લક્ષ્યાંક
થયો વિસ્ફોટ
આતંકી, ટોળાં મધ્યે,
પૂરો લક્ષ્યાંક.

-તુષાર વૈષ્ણવ

આજનો આ યુગ ટાર્ગેટ પૂરા કરવાનો યુગ છે. દરેકને પોતાને આપેલો ટાર્ગેટ પૂરો કરવાની ઉતાવળ છે. ચારેબાજુ બધા જ જાણે કંઈ જ જાણ્યા-સમજ્યા વિના જ એક ગાડરિયા પ્રવાહની માફક દોડ્યા જ કરે છે! અને આ બધાની વચ્ચે-વચ્ચે આતંકવાદ, વાદ-વિવાદ, કોઈ બાબત પ્રત્યે રોષ પ્રગટ કરવા માટે મોરચા અને રેલીઓ યોજાવી, હુલ્લડ થવા આ બધું અચાનક જ આવી જાય અને નીચું જોઈને માત્ર કામ કરનારા એક ગાડરિયા પ્રવાહ જેવો જ આ અન્ય એક સમૂહ પણ ગાડરિયા પ્રવાહમાં જ અન્ય દિશામાં ગતિમાન રહેતો હોય છે ! કુદરતી તકલીફો કે અચાનક આવી પડેલી મુસીબતોનો તો આપણે સામનો કરી પણ લઈએ પણ અહીં પ્રશ્ન માનવસર્જીત સમસ્યાઓનો છે. આ પ્રશ્નોને કઈ રીતે મૂલવવા? ભગવતીકુમાર શર્મા લખે છે તેમ,

'અનુભવ છે દરિયાના તોફાનનો,
પણ આ રેતીમાં હોડી ખરાબે ચડી છે.'

આપણો આ દેશ ઋષિમુનિઓ અને સંતોની પાવનભૂમિ છે. ભારત દેશમાં ઋષિમુનિઓ અને સાધુપુરષો ક્ષમાભાવ માટે અને તપોબળ માટે ઘણા પ્રચલિત રહ્યા છે. તો આવી આ ક્ષમાવીરોની તપોભૂમિમાં આજે નાની-નાની બાબતોમાં કોમી રમખાણો ફાટી નીકળે અને લોકો એકબીજાને મારવા માટે લોહી તરસ્યા બની જાય એ કેટલું વ્યાજબી ગણાય? શબ્દો ઘાતક છે, અને શબ્દો હકીકતમાં માણસને જાનથી પણ મારી શકે છે. લોકો ભાવનાઓને અને લાગણીઓને ભૂલીને નામ જ જુએ છે. ભગવાનના ઉપાસક બનવાને બદલે ભગવાનના નામના ઉપાસક બની ગયા છે. ભગવાન ન રહ્યા અને નામ માત્ર રહ્યું અને એ નામ અનેક હોવાને કારણે માણસો જુદા-જુદા નામ ધરાવતા ઈશ્વરના નામે વહેંચાઈ ગયા, લડવા લાગ્યા. ફાધર વાલેસ 'શબ્દલોક' નામના પુસ્તકમાં નોંધે છે કે, 'ઈસુએ તો ચેતવણી આપી હતી : 'પોતે ભગવાનની સેવા કરી રહ્યા છે એમ માનીને જ લોકો તમને મારી નાખશે.' (યોહાન-૧૬-૨) અભાગી ભવિષ્યવાણી સાચી પડી. આજે યુરોપમાં ખ્રિસ્તીઓની વચ્ચે, મધ્યપૂર્વમાં મુસ્લિમોની વચ્ચે, અને ભારતમાં હિંદુ-મુસ્લિમ વચ્ચે ઘાતક સંઘર્ષો થાય છે.

ઈશ્વર તો એક જ છે. ભગવાન, ખુદા, ગોડ, એક જ પરમ તત્ત્વનાં જુદા જુદા નામો છે અને બધા મળીને એ પરમ તત્ત્વની જુદી જુદી ઝલક પ્રગટ કરતાં જાય. પરંતુ અહીં તત્ત્વ કરતાં શબ્દ વધારે મહત્ત્વનો બને. વસ્તુ કરતાં એનું નામ વધારે કિંમતી લાગે. અને એ નામ હવે એ પરમ તત્ત્વનું નહીં પરંતુ એક પ્રજા, એક સંસ્કૃતિ, એક મોરચાનું બની જાય. એક શહેરમાં પોલીસ અધિકારીને પ્રામાણિક રીતે છતાં સચ્ચાઈથી કામ કરતો જોઈને તેની સામે દેખાવો અને બદલીનાં દબાણો થતાં આપણે જોયાં નથી ? લોકોનાં દબાણોને જ આપણે છેવટની સત્તા ગણીશું ? તો બેસી રહે અને તેને એવાં કામો કરવાનો હુકમ કર્યા કરે જે સમગ્ર રીતે રાજય કે રાષ્ટ્રના હિતમાં ના પણ હોય? અમુક જિલ્લાના લોકો તેના ચૂંટાયેલા પ્રતિનિધિઓને એવું જ કહેશે કે, તમે આ જિલ્લામાં જ નર્મદાનાં પાણી આવે તેવો બંદોબસ્ત કરો નહિતર ખસી જાવ. આવું ના થઈ શકે તેમ પ્રતિનિધિ કહેશે, તો ઉશ્કેરાયેલા લોકો તેને 'ભ્રષ્ટાચાર' કે ગમે તે લેબલ આપશે. ભૂપત વડોદરિયા લખે છે કે, 'રાજા કંઈ ખોટું કરે જ નહીં, તે માન્યતા જૂનવાણી અને જુઠ્ઠી છે; અને લોકશાહીમાં લોકો પણ કંઈ ભૂલ કરે જ નહીં તેવો ખ્યાલ પણ ખોટો છે.'

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

સન ૧૯૬૫માં ભારત અને પાકિસ્તાન વચ્ચે અથડાણમ થઈ ત્યારે સ્થાયી શાંતિ સ્થાપવા માટે ભારતના વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રી અને પાકિસ્તાનના પ્રમુખ અયૂબખાન રશિયાના તાશ્કંદ શહેરમાં મળ્યા, અને દિવસો સુધી ખંતથી કામ કરીને છેવટે ઉભય પક્ષે માન્ય એવા શાંતિ કરાર ઉપર સહી કરીને જંપ્યા. એક યુદ્ધ લડ્યાનો શ્રમ અને શાંતિ લાવ્યાનો પરિશ્રમ સૌ અનુભવતા હતા. સાથે સાથે સુખદ અંતનો સંતોષ સૌના હૃદયમાં હતો, અને વિશેષ તો જાગ્રત, સૌમ્ય, સ્થિર, નમ્ર, ગૌરવવંતા અને શાંતિપ્રિય શાસ્ત્રીજીના હૃદયમાં. છેલ્લી રાતની એ છેલ્લી ઘડીએ બંને રાજપુરુષો એકબીજાની સામે ઊભા રહ્યા અને હાથ મિલાવવા લાંબા કર્યા ત્યારે શાસ્ત્રીજીએ સહજ સ્ફુરણાથી સુંદર શબ્દો ઉચ્ચાર્યા એમણે પાકિસ્તાનના પ્રમુખ સામે જોવું, એમનો હાથ પોતાના હાથમાં લીધો, સ્મિત કર્યું અને કૂણા ભાવથી દુવાના શબ્દો ઉચ્ચાર્યા : 'ખુદા હાફિઝ.' મુસ્લિમ પ્રમુખ આશીર્વાદના શબ્દો તરત ઓળખી ગયા અને કદર સાથે, આનંદ સાથે, શ્રદ્ધા સાથે પુણ્ય શબ્દોના અરીસાનો પડઘો પાડીને સહજ વાક્ય બોલ્યા : 'હાફિઝ ખુદા.' યુદ્ધમાં તેઓ અણનમ રહ્યા હતા. શાંતિ-સુલેહ માટે ઈંતેજાર રહ્યા હતા, અને અલવિદાના સૌમ્ય હૂંફાળા શબ્દો વાપરવા જાગ્રત અને સંવેદનશીલ પણ બન્યા હતા. એમના હોઠ પર 'ખુદા' એ શાંતિ અને પ્રેમની સંજ્ઞાવાળો શબ્દ બન્યો. આપણે સૌ પણ એવા બની શકીએ એ જ અભ્યર્થના.

- nehalgadhavi101@gmail.com

ખાતેદારની પરવાનગી સિવાય એકાઉન્ટની માહિતી અન્યને બેન્ક આપી શકે નહિ

ગ્રાહકો બેન્કો પાસેથી વિશ્વાસનિયતાની અને પ્રમાણિકતાની ઉંચી અપેક્ષા રાખે છે પરંતુ પ્રાયવેટીકરણના કારણે બેન્કોના બીઝનેશમાં ગળાકાપ સ્પર્ધામાં ટકવા માટે બેન્કો બેન્ક ખાતેદારની વિગતો ટેડાબેઝ અન્ય માર્કેટીંગ કંપનીઓને પુરી પાડે છે જેનો ભોગ ગ્રાહકોએ બનવું પડે છે. બેન્કો દ્વારા થતા વિશ્વાસનિયતા અને ગુપ્તતાના ભંગના કેસમાં ગ્રાહકોની તકરારનું નિવારણ કેવી રીતે કરવું તે માટેની બેન્કોની ગાઈડલાઈન બહાર પાડવામાં આવી છે. એક વ્યક્તિના એકાઉન્ટની પર્સનલ વિગતો તે અન્ય વ્યક્તિને આપી શકે નહિ તથા ગ્રાહકો બીજા વ્યક્તિને ઓથોરીટી આપતી હોય તો તેની વિગતો ટ્રાન્સફર કરી શકે નહિ જોઈન્ટ એકાઉન્ટ હોય તો પણ બન્નેની સમંતિ વગર બીજી વ્યક્તિને પણ અન્ય વ્યક્તિ દ્વારા કરવામાં આવેલ ટ્રાન્ઝેકશનની વિગતો બેન્કો આપી શકે નહી ઈવન પતિ પત્ની હોય તો પણ એક બીજાની સંમતી જરૂરી છે. જોઈન્ટ એકાઉન્ટમાં પણ આવી સંમતી જરૂરી છે.

દુઃખદ વાસ્તવિકતા એ છે કે ગ્રાહકના અધિકારો ઘડતી અને બેન્કોને ગ્રાહકોની વિગતો બીજાને આપતા અટકાવતી અર્થ નિયમનકારી સંસ્થા બેન્કીંગ કોડસ એન્ડ સ્ટાન્ડર્સ બોર્ડ ઓફ ઈન્ડીયા બીસીએસબીઆઈ એ કડક નિયમો ઘડી કાઢયા છે પરંતુ ભારતમાં બીસીએસબીઆઈ એ ઘડેલા નિયમોનું કયારેય પાલન કોઈ બેન્કો સંપૂર્ણ રીતે કરતી નથી ધંધો વધારવાના ચક્કરમાં પોતાના ગ્રાહકોના ખાનગી ડેટા બેન્કો અન્ય કોલ સેન્ટરોને પુરા પાડે છે.

તાજેતરમાં જ ઉત્તર પ્રદેશની એક મહિલાના કોર્ટ કેસમાં પોતાની બહેન સાથેના ટ્રાન્ઝેકશન પુરાવા તરીકે તેના પતિએ પારીવારીક ઝઘડાના કેસમાં કોર્ટને આપ્યા તેણે બેન્કને આ બાબતે પૂછતા બેન્કે હાથ અધ્ધર કરી રૂટીન જવાબ આપેલ કે અમને તમારા કોર્ટ કેસની વિગતો ન હતી તથા તમે કોઈ અરજી આપેલ નથી કે કોઈ માહિતી મારા પતીને આપવી નહી બેન્કે જણાવ્યું કે અમોએ વિશ્વાસમાં તમારા પતિને આ માહિતી આપેલ આવા પ્રકારની અજાણતાથી ગુન્હાની ગંભીરતા ઓછી થતી નથી, ખાતેદારના ઓથોરાઈઝેશન વગર કોઈ બેન્ક અન્ય વ્યક્તિને ખાતાની

બેન્કને ગ્રાહકની માહિતી બીજાને આપવાનો અધિકાર નથી

વિગતો આપી શકે નહિ. બેન્કને ગ્રાહકની માહિતી બીજાને આપવાનો અધિકાર નથી પરંતુ જો તે આકસ્મીક રીતે આપે તો પણ ગ્રાહકે બેન્ક ઉપર મુકેલ વિશ્વાસ ભંગ થાય છે બેન્કે ખાતેદારની તમામ માહિતી ગુપ્ત અને અંગત રાખવી જોઈએ તે બીસીએસબીઆઈ નિયમોમાં જણાવેલ છે જેનો